# શ્રી યુગપ્રધાનોનો વિરહ

[ શ્રી જૈન શાસનની પ્રમાણિત માન્યતા અનુસાર ]

— શ્રી રમણલાલ બી. શાહ

શ્રી મહાવીર સ્વામી પ્રભુજીના શાસનકાળ દરમ્યાન અર્થાત પાંચમા આરાના લગભગ સમય સુધીમાં ૨૦૦૪ યુગપ્રધાનો શ્રી જૈન શાસનને દીપાવશે.

**શ્રી યુગપ્રધાનનાં મુખ્ય લક્ષણ :** શરીરે પ્રસ્વેદ (પરસેવો) ન થાય. જ્યાં વિચરતા હોય, તે ભૂમિ તથા તેની આસપાસની ૦।। ગાઉ સુધીની ભૂમિમાં મહારોગ–મરકી આદિ ઉપદ્રવો થાય નહિ અને એકાવતારી (ત્રીજે ભવે મોક્ષે જનારા) હોય તથા જે જે કાળમાં તેઓશ્રી વિચરતા હોય, તે તે કાળમાં જેટલું જ્ઞાન ઉપલબ્ધ હોય, તેટલા જ્ઞાનના જાણકાર હોય.

પ્રશ્ન એ છે કે, હાલમાં યુગપ્રધાન કોણ? અને કયાં? અથવા હાલમાં કોઈ યુગ-પ્રધાન હયાત છે, કે નહીં? આજે આપણા શ્રી સંઘોમાં તથા પૂજ્ય મહાત્મા પુરુષો પાસેથી ઘણી વાર સાંભળવા મળે છે કે થોડાં જ વરસોમાં (ચાર, પાંચ કે દશ વર્ષમાં) શ્રી યુગપ્રધાન પ્રગટ થનાર છે. જ્યારે જ્યારે આ પ્રશ્ન પૂછાય છે, ત્યારે ત્યારે આ પ્રમાણે ઉત્તર મળે છે. (મેં પણ લગભગ વિ. સં. ૧૯૮૭ થી ઘણી વખત આ પ્રમાણે સાંભળ્યું છે અને વિ. સં. ૧૯૯૦, ૨૦૦૦, ૨૦૧૫ અને ૨૦૩૦ સુધીમાં પ્રગટ થશે એવું અવારનવાર સાંભળ્યું છે, પરંતુ હજી સુધી યુગપ્રધાન પ્રગટ થયાનું આવ્યું જાણવામાં નથી.) વળી કેટલાક ભૂતપૂર્વ મહાત્માઓ તરફથી વિ. સં. ૧૯૭૦ લગભગ શ્રી ધમ્મિલ, ૧૯૮૭ લગભગ શ્રી સિદ્ધગેહસૂરિ તે તે કાળે વિદ્યમાન છે, તેવી હકીકત પણ તે તે કાળના મુનિરાજો તરફથી જાણવા મળી હતી, અને તેઓશ્રી વૈતાઢ્ય પર્વતની ગુફાઓ તરફ વિચરતા હશે, તેવું અનુમાન કરતા હતા. પરંતુ કોઈ પણ યુગપ્રધાનનો પ્રત્યક્ષ પરિચય થયો નથી, જેથી કરીને આ વિષયમાં ઊંડા ઊતરવાની ઇચ્છા થવાથી વિશેષ શોધખોળ આરંભી અને પૂજ્ય સાધુ–મુનિ–મહારાજાઓમાં વિશેષ પૂછપરછ કરતાં મને શ્રી ભદ્રબાહુ સ્વામી પ્રણિત શ્રી દેવેન્દ્રસૂરિની (વિક્રમ સં. ૧૮૬૩) ની રચિત એક પ્રત મળી આવી. તેના આધારે શ્રી ૧૪૩ યુગપ્રધાનોની સાલવારી ગોઠવીને શ્રી યુગપ્રધાનોનો એક કોઠો તૈયાર કરેલ છે. આ કોઠા ઉપરથી સ્પષ્ટ થઈ જાય છે, કે હાલમાં શ્રી જિન-દાસસૂરિ નામના યુગપ્રધાન વિ. સં. ૨૦૨૮ થી ૨૦૩૮ સુધી યુગપ્રધાન પદે બિરા-



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જમાન છે. જ્યારે તેઓશ્રી પછીથી અનુક્રમે થનારા બે યુગપ્રધાનો શ્રી ધર્મદાસસૂરિ (૨૦૩૮ થી ૨૦૫૦) સુધીના તથા શ્રી સૂરપ્રભસૂરિ (૨૦૫૦ થી ૨૦૬૮) સુધીના હાલમાં સાધુ અવસ્થામાં વિચરી રહેલા છે. તથા તે પછી થનાર યુગપ્રધાનશ્રી....(૨૦૬૮ થી ૨૦૮૭ સુધીના) હાલમાં વિ. સં. ૨૦૨૭ માં જન્મ થઇ ચૂકયો છે, અને ગૃહસ્થ અવસ્થામાં ઉછરી રહેલા છે અને તેઓશ્રી વિ. સં. ૨૦૪૦ લગભગ ચારિત્ર ગ્રહણ કરીને વિ. સં. ૨૦૬૮ લગભગ યુગપ્રધાન પદ પ્રાપ્ત કરીને લગભગ ૨૦૮૭ સુધી વિચરશે. મને પ્રાપ્ત થયેલ ઉપરોકત પ્રત અનુસાર હાલમાં યુગપ્રધાનનું અસ્તિત્વ ચાલુ જ છે. જેથી બે, પાંચ કે દશ વરસમાં કોઇ નવા યુગપ્રધાન પ્રગટ થવાનો પ્રશ્ન રહેતો જ નથી, પરંતુ કોઈ પણ યુગપ્રધાનનો આપણને પ્રત્યક્ષ પરિચય થઈ શકતો નહિ હોવાથી જ પ્રગટ થવા માટેના આપણને જુદા જુદા તર્ક કરવા પડે છે.

આ વાસ્તવિકતાને સમર્થન કરતી કેટલીક વાસ્તવિક હકીકતો : (૧) શ્રી મહાવીર સ્વામી પ્રભુજીના શાસનકાળના પાંચમા આરાના ૨૧૦૦૦ વર્ષમાં કુલ ૨૦૦૪ યુગપ્રધાન થવાના છે. જેથી સરેરાશ દર દસ વર્ષે એક યુગપ્રધાનનો અસ્તિત્વ કાળ ગણાય. જેમાં પહેલા ઉદયના ૨૦ યુગપ્રધાનો તથા બીજા ઉદયના ૨૩ યુગપ્રધાનોનો સત્તા-સમય અનુક્રમે ૩૮ અને ૬૦ વર્ષ આશરે સરેરાશનો છે. જ્યારે ત્રીજા ઉદયના ૯૮ યુગપ્રધાનોનો સત્તા–સમય સરેરાશ લગભગ ૧૫ વર્ષનો છે. ત્યાર પછી સરેરાશ ઓછી થતી જાય છે. આ હકીકત બતાવે છે કે, પાંચમા આરાના ૨૧૦૦૦ વર્ષ દરમ્યાન યુગપ્રધાનોનું અસ્તિત્વ લગભગ ચાલુ જ છે, જ્યારે બહુ જ ઓછો કાળ યુગપ્રધાનના વિરહ કાળનો છે.

આપણા પરિચિત જગતમાં છેલ્લાં લગભગ ૧૫૦૦ વર્ષથી કોઈ પણ યુગપ્રધાનનો પ્રત્યક્ષ પરિચય પ્રાપ્ત થયો નથી. તો શું છેલ્લાં ૧૫૦૦ વર્ષમાં કોઈ યુગપ્રધાન થયા જ નથી ?

છેલ્લા પરિચિત યુગપ્રધાન કોણ ? અને કયારે થયા ? વળી એવી પણ એક વિચારણા છે કે, વીર સંવત ૨૫૦૦ (વિ. સં. ૨૦૩૦) માં ભસ્મગ્રહ ઊતરી ગયો હોવાથી હવે યુગપ્રધાન પ્રગટ થશે ? અહીં પ્રશ્ન એ થાય છે કે, ભસ્મગ્રહ ઊતર્યા પછી જ યુગપ્રધાન કેમ ? શું ભસ્મગ્રહમાં કોઇ યુગપ્રધાન થયા જ નથી ? પહેલા ઉદયના પ્રત્યક્ષ પરિચિત ૨૦ યુગપ્રધાનો ભસ્મગ્રહના સમયમાં જ થયેલા છે. તો ભસ્મગ્રહના ઊતર્યા પછી જ થશે તેમ માનવાનું શું કારણ ? ભસ્મગ્રહનું અસ્તિત્વ યુગપ્રધાનના અસ્તિત્વ માટે અવરોધકારક પણ નથી જ. ભસ્મગ્રહની કોઇ જ અસર યુગપ્રધાનના અસ્તિત્વ માટે પડતી નથી. માત્ર જૈન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાસનના પ્રભાવને જ ઝાંખપ લગાડે છે. જેથી ભસ્મગ્રહની અસર દૂર થાયે, શ્રી જૈનશાસન વધુ પ્રભાવશાળી બને, શ્રી જૈન ધર્મનો ઉદ્યોત થાય. પરંતુ, તેથી શ્રી યુગપ્રધાન પ્રગટ થાય તેવી આશા રાખી શકાય નહિ. કારણ કે, યુગપ્રધાનોની પરંપરા ચાલુ જ છે. છેલ્લાં ૫૦ વર્ષમાંથી શ્રી સિદ્ધગેહસૂરિ અને શ્રી ભદ્રિલ યુગપ્રધાન થઈ ગયા છે, અને હાલમાં શ્રી જિનદાસસૂરિ વિચરી રહ્યા છે. અને તેઓશ્રી પછીના બે યુગપ્રધાનો શ્રી ધર્મદાસ તથા શ્રી સૂરપ્રભસૂરિ સામાન્ય ચારિત્ર અવસ્થામાં વિચરી રહેલા છે. પરંતુ આ પાંચ યુગપ્રધાનો પૈકી એક પણ યુગપ્રધાનનો પ્રત્યક્ષ પરિચય સાંપડી શકાનો નથી. તો પછી બીજા કોઈ નવા યુગપ્રધાનના પ્રગટ થવાની આશા કેવી રીતે રાખી શકાય ? વાસ્તવિક હકીકત એ છે કે, આપણે જે ભારતભૂમિમાં રહીએ છીએ, તે ભારતભૂમિ બહાર એશિયા (દ્વીપ) ખંડ તથા યુરોપ, આફ્રિકા, અમેરિકા, ઓસ્ટ્રેલિયા આદિ પાંચે (દ્વીપો) ખંડોનો દ્વીપસમૂહ દક્ષિણાર્ધ ભારતના મધ્ય ખંડના મધ્ય ભાગમાં રહેલા ૨૫½ આર્ય દેશોના છેક દક્ષિણ છેડે પ્રવેશ પામેલા લવણ સમુદ્રના જળ વિસ્તારમાં રહેલો છે, અને સામુદ્રિક જળના આક્રમણોથી સુરાષ્ટ્ર જેવા કોઈ એક આર્ય દેશની છૂટી પડી ગયેલી ભૂમિ પ્રદેશના એક ભાગરૂપ છે. અર્થાત આપણું પરિચિત દશ્ય-જગત કોઈ એક આર્ય દેશમાંથી છૂટો પડી ગયેલો માત્ર એક પ્રદેશ જ છે, અને ૨૫½ આર્ય દેશોનો વિસ્તાર આપણા દ્રશ્ય-જગત કરતાં ઘણો જ મોટો છે અને શ્રી યુગપ્રધાનો ૨૫½ આર્ય દેશો પૈકી કોઈ પણ દેશમાં જયારે વિચરતા હોય છે, ત્યારે આપણે તો આપણે એક આર્ય પ્રદેશમાં જ બધા ય યુગપ્રધાનોનું અસ્તિત્વ માનીને આ ભૂમિમાં જ તેમને શોધવાનો પ્રયત્ન કરીએ છીએ. પરંતુ, સફળતા નહિ મળવાથી જ જુદા જુદા તર્ક કરીએ છીએ.

હકીકતમાં, અત્યાર સુધીમાં લગભગ ૧૦ યુગપ્રધાનો થઈ ગયા છે. તેમાંના લગભગ બધા જ યુગપ્રધાનો આપણા પાંચ દ્વીપ સમૂહવાળા દ્રશ્ય જગતની બહાર જ થયેલા છે. અને હાલના વિદ્યમાન યુગપ્રધાન શ્રી જિનદાસસૂરિ તથા તેમની પછીથી પરંપરાએ થનારા બે યુગપ્રધાન શ્રી ધર્મદાસસૂરિ તથા શ્રી સૂરપ્રભસૂરિ પણ હાલમાં આપણા દ્રશ્ય જગત (પાંચ દ્વીપસમૂહ) ની બહાર જ આર્યાવર્તના ૨૫½ દેશોવાળા બૃહત્ આર્યાવર્તમાં વિચરી રહેલા છે. અને આપણે કોઈ એક આર્ય દેશના વિખુટા પડી ગયેલા એક માત્ર આર્યપ્રદેશમાં જ અટવાઇ ગયેલા હોઈ ને તેઓશ્રીનો પ્રત્યક્ષ સંપર્ક સાધી શકતા નથી. જો આપણે આપણા આ પાંચ દ્વીપસમૂહની આસપાસ ચારે તરફ વીંટાયેલા લવણસમુદ્રના પાણીને ઓળંગીને બૃહત્ આર્યાવર્તમાં પહોંચી શકીએ, તો જ ત્યાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિચરી રહેલા યુગપ્રધાન, અનેક આચાર્ય ભગવંતો સહિત, અનેક મુનિ ગણો તથા અનેક નગર–નગરના શ્રી સંઘોનો પ્રત્યક્ષ સંપર્ક થઈ શકે. એટલું જ નહિ, પરંતુ શ્રી અષ્ટાપદજી આદિ તીર્થોનાં પણ નજીકથી દર્શન થઈ શકે. શ્રી યુગપ્રધાનો જેમ પંચદ્વીપ સમુદ્ર બહાર છે, તેવી જ રીતે શ્રી અષ્ટાપદજી, શ્રી સમેતશિખરજી, શ્રી પાવાપુરીજી, શ્રી ચંપાગિરિજી આદિ મહાતીર્થો તથા શ્રી કલ્યાણક ભૂમિ તીર્થો આદિ મહાતીર્થો પણ આપણા પંચ દ્વીપસમુહની પેલે પારના બૃહત્ આર્યાવર્તમાં જ રહેલા છે. અને પંચદ્વીપ સમુદ્રથી ઘણા ઘણા દૂર લાખો માઈલને અંતરે આવેલા છે.

(૧) શ્રી પચં જિણેસર જન્મીયા, મૂળ અયોધ્યા દૂરીજી;
ઈણ તિથિ થાપી ઇહા, ઇમ બોલે બહુ સૂરિજી.

–શ્રી સૌભાગ્યવિજયજી મ.સા. જણાવે છે : 'મૂળ અયોધ્યા ઘણી દૂર છે' ('ડૂબી ગઈ છે' એમ કહેતા નથી, 'દૂર છે' એમ જ કહે છે) અને આ સ્થિતિ હોવાથી અહીં (આ ભૂમિમાં) બીજી અયોધ્યાની સ્થાપના કરી છે, એમ તે વખતના ઘણા આચાર્ય મહારાજો કહે છે.

(૨) આશરે એક લાખ ઉપરે રે, ગાઉ પંચાસી હજાર;
શ્રી સિદ્ધગિરિથી વેગળો રે, શ્રી અષ્ટાપદ જયકાર.

– પંડિત શ્રી દીપવિજયજી મ. સા. કહે છે : 'શ્રી સિદ્ધગિરિથી શ્રી અષ્ટાપદજી ૧,૮૫,૦૦૦ ગાઉ આસરે દૂર છે. (લગભગ ૪ લાખ માઈલ). આપણે જો શ્રી સિદ્ધાચલજીની નજીકમાં હોઈએ, તો શ્રી અષ્ટાપદજી લગભગ ૪ લાખ માઈલ દૂર, અયોધ્યા ૩½ લાખ માઈલ દૂર (બંને ઉત્તર દિશાએ) અને શ્રી સમેતશિખરજી, શ્રી પાવાપુરીજી આદિ તીર્થો એથી પણ વધુ દૂર ઈશાનમાં આવેલા છે. માત્ર શ્રી ગિરનાર તીર્થ જ પાંચ દ્વીપસમૂહની નજીકમાં એક લાખ માઈલની અંદરના વિસ્તારમાં આવેલું છે.

પાંચ દ્વીપસમૂહમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની પરંપરામાં થયેલા શ્રી કેશી ગણધરના શિષ્ય-પ્રશિષ્ય શ્રી સ્વયંપ્રભસૂરિ તથા શ્રી રત્નપ્રભસૂરિની શાખા તથા શ્રી વજ્રસ્વામી પછીના પટ્ટધર શ્રી વજસેનસૂરિના શિષ્યો શ્રી નાગેન્દ્ર, ચંદ્ર, વિદ્યાધર અને નિવૃતિની પરંપરામાં થયેલ કોટિક ગણ વયરી શાખા અને નાગેન્દ્ર, ચંદ્ર, નિવૃતિ, વિદ્યાધર આદિ ૪ કુળ એમ બે શાખાઓનો જ શ્રમણ પરિવાર વિચરે છે. જ્યારે શ્રી સંભુસ્તિસૂરિ, શ્રી ભદ્રબાહુ સ્વામી, શ્રી સ્થૂલિભદ્ર સ્વામી, શ્રી આર્યમહાગિરિજી, શ્રી આર્યસુહતિસૂરિ આદિ મહાત્માઓના પરિવારમાં થયેલા અનેક ગણ–એક કુળ આદિમાં થયેલ શ્રી શ્રમણ પરિવારોનો ઘણો જ મોટો શ્રમણ પરિવાર બૃહત્ આર્યાવર્તમાં વર્તમાન કાળે વિચરી રહ્યા હોવાની ઘણી જ સંભાવના છે. શ્રી જૈન શાસનમાં નિર્દેશ કરાયેલા સ્વર્ગે તથા નરકે જનારા શ્રી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્ય મહારાજોની તથા શ્રી સાધુ મહારાજાઓ આદિની સંખ્યા (છઠ્ઠા, ૭ સાતડા વગેરે) પૂરી થઈ શકે.

વળી પાંચદ્વીપ સમૂહમાં શ્રી સ્વયંપ્રભસૂરિ, શ્રી રત્નપ્રભસૂરિ આદિ આચાર્ય મહારાજાઓએ પ્રતિબોધ પમાડેલા શ્રીમાલ, ઓશિયા, પદ્માવતી નગરી આદિના શ્રીમાળી, ઓશવાળ, પોરવાડ વગેરે (વણિક) કુળમાંથી પ્રતિબોધેલા જ્ઞાતિના સંઘોનો પરિવાર વૃદ્ધિ પામેલો છે. જ્યારે મગધ, કાશી, કોશલ આદિ ૨૫૧/૨ આર્ય દેશોના શ્રી શ્રાવક સંઘોનો બહોળો પરિવાર બૃહત્ આર્યાવર્તમાં વિદ્યમાન હોવાની ઘણી જ સંભવના છે.

બહોળા શ્રી શ્રમણ સંઘો તથા શ્રી શ્રાવક સંઘોવાળા બૃહત આર્યાવર્ત (૨૫૧/૨ આર્ય દેશોનો સમૂહ) માં જ શ્રી યુગપ્રધાનોની પરંપરાની વધુ શક્યતા છે. જ્યારે આર્યાવર્તના એકાદ દેશના વિખુટા પડી ગયેલા અને લવણ સમુદ્રમાં શ્રી સગર ચક્રવતીએ આકર્ષી લાવેલા જળથી ઘેરાઈ ગયેલા પાંચદ્વીપ સમૂહવાળા એક આર્ય પ્રદેશમાં જ ઘણા ય યુગપ્રધાનોની પરંપરાના પ્રત્યક્ષ પરિચયની આશા રાખી શકાય નહિ અને તેથી જ ભસ્મગ્રહ ઊતરી ગયો હોવાથી હવે યુગપ્રધાન થવાના છે, તેવો તર્ક જાહેરમાં રજૂ કરવો હિતાવહ નથી. આવી રજૂઆત વારંવાર કરવાથી તે જ્યારે વારંવાર નિષ્ફળ જાય, તો અશ્રદ્ધાનું કારણ ઉપસ્થિત થાય.

બૃહતૂ અર્યાવર્ત અને આર્ય પ્રદેશ તથા ભરતક્ષેત્ર અને ભારત દેશ હિમવંત અને હિમાલય, વૈતાઢ્ય અને વિંધ્યાચળની તુલના તથા નામ સામ્યતાને કારણે થયેલા ગુંચવાડાથી ઊભી થયેલી ગેરસમજૂતીની વિચારણા “ અષ્ટાપદજી ક્યાં ? ” એ વિષયના લેખમાંથી જાણી લેવી.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રીમદ્ ભદ્રબાહુ પ્રણીત શ્રી દેવેન્દ્રસૂરિ રચિત [વિ. સં. ૧૮૬૩]

## શ્રી ૨૦૦૪ યુગપ્રધાનોનો યંત્ર

૨૩ ઉદયોના યુગપ્રધાનોની સંખ્યા અને કાળ — ઉદય પ્રથમ

| ક્રમ | યુગપ્રધાનોની સંખ્યા | ઉદયો વીર સંવત [ક્યાં સુધી ચાલ્યા તે] | દરેક ઉદયના વર્ષોની સંખ્યા | | યુગપ્રધાન | ક્યાં સુધી [વીર સંવત] |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૦ | ૬૧૭ | ૬૧૭ | ૧ | શ્રી સુધર્મા સ્વામી | ૧ થી ૨૦ |
| ૨ | ૨૩ | ૧૯૬૪ | ૩૪૬ | ૨ | શ્રી જંબુસ્વામી | ૨૦ થી ૬૪ |
| ૩ | ૯૮ | ૩૪૨૯ | ૧૪૬૪ | ૩ | શ્રી સંભવ સ્વામી | ૭૫ |
| ૪ | ૭૮ | ૪૯૭૫ | ૧૫૪૫ | ૪ | શ્રી સય્યંભવસૂરિ | ૯૮ |
| ૫ | ૭૫ | ૬૮૭૫ | ૧૯૦૦ | ૫ | શ્રી યશોભદ્રસૂરિ | ૧૪૮ |
| ૬ | ૮૯ | ૮૮૨૬ | ૧૯૫૦ | ૬ | શ્રી સંભૂતિસૂરિ | ૧૫૬ |
| ૭ | ૧૦૦ | ૧૦૫૯૭ | ૧૭૭૦ | ૭ | શ્રી ભદ્રબાહુ સ્વામી | ૧૭૦ |
| ૮ | ૮૭ | ૧૧૬૦૮ | ૧૦૧૦ | ૮ | શ્રી સ્થૂલીભદ્રસૂરિ | ૨૧૫ |
| ૯ | ૯૫ | ૧૨૪૮૯ | ૮૮૦ | ૯ | શ્રી આર્યમહાગિરિજી | ૨૪૫ |
| ૧૦ | ૮૭ | ૧૩૩૩૯ | ૮૫૦ | ૧૦ | શ્રી આર્યસુહસ્તિસૂરિ | ૨૯૧ |
| ૧૧ | ૭૬ | ૧૪૧૪૦ | ૮૦૦ | ૧૧ | શ્રી ગુણસુંદરસૂરિ | [illegible]૩૫ |
| ૧૨ | ૭૮ | ૧૪૫૮૫ | ૪૪૫ | ૧૨ | શ્રી કાલિકાચાર્ય | ૩૭૬ |
| ૧૩ | ૯૪ | ૧૫૧૩૬ | ૫૫૦ | ૧૩ | શ્રી સ્કંદિલાચાર્ય | ૪૧૨ |
| ૧૪ | ૧૦[illegible] | ૧૫૭૨[illegible] | ૫[illegible]૨ | ૧૪ | શ્રી રેવતીમિત્રસૂરિ | ૪૪૮ |
| ૧૫ | ૧૦૩ | ૧૬૬૯૫ | ૯૬૫ | ૧૫ | શ્રી ધર્મસૂરિ | ૯૪૨ |
| ૧૬ | ૧૦૭ | ૧૭૪૦૫ | ૭૧૦ | ૧૬ | શ્રી ભદ્રગુપ્તાચાર્ય | ૫૩૨ |
| ૧૭ | ૧૦૪ | ૧૮૦૬૧ | ૬૫૫ | ૧૭ | શ્રી ગુપ્તાચાર્ય | ૫૪૮ |
| ૧૮ | ૧૧૫ | ૧૮૫૫૧ | ૪૯૦ | ૧૮ | શ્રી વજ્રસ્વામી | ૫૪૮ |
| ૧૯ | ૧૩૩ | ૧૮૯૧૦ | ૩૫૯ | ૧૯ | શ્રી આર્યરક્ષિતસૂરિ | ૫૯૭ |
| ૨૦ | ૧૦૦ | ૧૯૩૯૯ | ૪૮૯ | ૨૦ | શ્રી દુર્બલિકા પુષ્યમિત્ર | ૬૧૦ |
| ૨૧ | ૯૫ | ૧૯૯૬૯ | ૪૪૦ | | | |
| ૨૨ | ૯૯ | ૨૯૫૫૯ | ૫૯૦ | | | |
| ૨૩ | ૪૦ | ૨૧૦૦૦ | ૪૪૦ | | | |
| કુલ | ૨૦૦૪ | | | | | |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ઉદય દ્વિતીય

| ક્રમ | યુગપ્રધાન | જન્મ | દીક્ષા | યુગપ્રધાન પદ | ક્યાં સુધી | યુગપ્રધાન કાળ | આયુષ્ય |
|---|---|---|---|---|---|---|---|
| | | | | (વીર સંવત પ્રમાણે) | | | |
| ૧ | શ્રી વજ્રસેનસૂરિ | ૪૯૨ | ૫૦૧ | ૬૧૭ | ૬૨૦ | ૩ | ૧૧૯ |
| ૨ | શ્રી નાગહસ્તિસૂરિ | ૫૭૩ | ૫૯૨ | ૬૨૦ | ૬૮૯ | ૫૯ | ૯૭ |
| ૩ | શ્રી રેવતિમિત્રસૂરિ | ૬૩૯ | ૬૫૯ | ૬૮૯ | ૭૪૮ | ૫૯ | ૧૦૯ |
| ૪ | શ્રી સિંહસૂરિ | ૭૧૦ | ૭૨૮ | ૭૪૮ | ૮૨૬ | ૭૮ | ૧૧૬ |
| ૫ | શ્રી નાગાર્જુન | ૭૯૩ | ૮૦૭ | ૮૨૬ | ૯૦૪ | ૭૮ | ૧૧૧ |
| ૬ | શ્રી ભૂતદિન્નસૂરિ | ૮૬૪ | ૮૮૨ | ૯૦૪ | ૯૮૩ | ૭૯ | ૧૧૯ |
| ૭ | શ્રી કાલિકાચાર્ય | ૯૧૧ | ૯૨૩ | ૯૮૩ | ૯૯૪ | ૧૧ | ૮૩ |
| ૮ | શ્રી સત્યમિત્રસૂરિ | ૯૫૩ | ૯૬૩ | ૯૯૪ | ૧૦૦૦ | ૬ | ૪૭ |
| ૯ | શ્રી હારિલાચાર્ય | ૯૪૩ | ૯ ૦ | ૧૦૦૦ | ૧૦૫૫ | ૫૫ | ૧૧૨ |
| ૧૦ | શ્રી જિનપ્રભસૂરિ | ૧૦૧૧ | ૧૦૨૫ | ૧૦૫૫ | ૧૧૧૫ | ૬૦ | ૧૦૪ |
| | | | | (વિક્રમ સંવત પ્રમાણે) | | | |
| ૧૧ | શ્રી ઉમાસ્વાતિસૂરિ | ૬૧૦ | ૬૩૦ | ૬૪૫ | ૭૨૦ | ૭૫ | ૧૧૦ |
| ૧૨ | શ્રી પુષ્પમિત્રસૂરિ | ૬૮૨ | ૬૯૦ | ૭૨૦ | ૭૮૦ | ૬૦ | ૯૮ |
| ૧૩ | શ્રી સંભુતિસૂરિ | ૭૫૧ | ૭૬૧ | ૭૮૦ | ૮૨૯ | ૪૯ | ૭૮ |
| ૧૪ | શ્રી સંભૂતિગુપ્તસૂરિ | ૭૮૯ | ૭૯૯ | ૮૨૯ | ૮૮૯ | ૬૦ | ૧૦૦ |
| ૧૫ | શ્રી ધર્મરક્ષિતસૂરિ | ૮૫૬ | ૮૬૯ | ૮૮૯ | ૯૨૯ | ૪૦ | ૭૫ |
| ૧૬ | શ્રી જ્યેષ્ટાંગ ગણિ | ૮૯૯ | ૯૧૨ | ૯૨૯ | ૧૦૦૦ | ૭૧ | ૧૧૦ |
| ૧૭ | શ્રી કુલકમિત્રસૂરિ (શ્રી ફલ્ગુમિત્ર) | ૯૭૩ | ૯૮૭ | ૧૦૦૦ | ૧૦૪૯ | ૪૯ | ૭૬ |
| ૧૮ | શ્રી ધર્મઘોષસૂરિ | ૧૦૨૬ | ૧૦૩૪ | ૧૦૪૯ | ૧૧૨૭ | ૭૮ | ૧૦૧ |
| ૧૯ | શ્રી વિનયમિત્રસૂરિ | ૧૦૯૮ | ૧૧૦૮ | ૧૧૨૭ | ૧૨૧૩ | ૮૬ | ૧૧૫ |
| ૨૦ | શ્રી શીલમિત્રસૂરિ | ૧૧૮૨ | ૧૧૯૩ | ૧૨૧૩ | ૧૨૯૨ | ૭૯ | ૧૧૦ |
| ૨૧ | શ્રી રેવંતસૂરિ | ૧૨૬૭ | ૧૨૭૬ | ૧૨૯૨ | ૧૩૭૦ | ૭૮ | ૧૦૩ |
| ૨૨ | શ્રી સ્વપ્નમિત્રસૂરિ | ૧૩૪૦ | ૧૩૫૨ | ૧૩૭૦ | ૧૪૪૮ | ૭૮ | ૧૦૮ |
| ૨૩ | શ્રી અર્હંતસૂરિ | ૧૪૧૨ | ૧૪૩૨ | ૧૪૪૮ | ૧૪૯૩ | ૪૫ | ૮૧ |

શ્રી આર્યરક્ષિતસૂરિ (વિધિપક્ષ ગચ્છીય)

શ્રી હેમચંદ્રસૂરિ, શ્રી વાદિદેવ સૂરિ અને શ્રી જિનદત્તસૂરિ આ મહાપુરુષોના સમયમાં યુગપ્રધાનપદે અનુક્રમે શ્રી વિનયમિત્ર સૂરિ (૧૯ મા) અને શ્રી શીલમિત્રસૂરિ (૨૦ મા) હતા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ઉદય તૃતીય

| ક્રમ | અનુક્રમ | નામ | જન્મ સંવત | દીક્ષા સંવત | યુગપ્રધાન પદ | કાળધર્મ સંવત | યુગપ્રધાન પદના વર્ષ | આયુષ્ય |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૪૪ | શ્રી પાંડિત્યસૂરિ | ૧૪૦૩ | ૧૪૧૨ | ૧૪૯૪ | ૧૫૦૩ | ૯ | ૧૦૦ |
| ૨ | ૪૫ | શ્રી વિષ્ણુમિત્રસૂરિ | ૧૪૭૩ | ૧૪૮૩ | ૧૫૦૩ | ૧૫૪૮ | ૪૫ | ૭૫ |
| ૩ | ૪૬ | શ્રી હરિમિત્રસૂરિ | ૧૪૯૨ | ૧૫૦૮ | ૧૫૪૮ | ૧૭૯૮ | ૫૦ | ૧૦૬ |
| ૪ | ૪૭ | શ્રીમંડિલ(સંડિલ્લ)સૂરિ | ૧૫૬૩ | ૧૫૪૮ | ૧૫૯૮ | ૧૬૨૮ | ૩૦ | ૬૫ |
| ૫ | ૪૮ | શ્રી જિનપતિસૂરિ | ૧૫૭૮ | ૧૫૯૮ | ૧૬૨૮ | ૧૬૬૮ | ૪૦ | ૯૦ |
| ૬ | ૪૯ | શ્રી જિનચંદ્રસૂરિ | ૧૬૨૩ | ૧૬૩૮ | ૧૬૬૮ | ૧૬૯૮ | ૩૦ | ૭૫ |
| ૭ | ૫૦ | શ્રી જિનવલ્લભસૂરિ | ૧૬૫૮ | ૧૬૬૮ | ૧૩૯૮ | ૧૭૨૮ | ૩૦ | ૭૦ |
| ૮ | ૫૧ | શ્રી જિનપ્રભસૂરિ | ૧૬૭૪ | ૧૭૧૬ | ૧૭૨૮ | ૧૭૪૦ | ૧૨ | ૩૬ |
| ૯ | ૫૨ | શ્રી ધર્મરુચિસૂરિ | ૧૬૯૫ | ૧૭૧૦ | ૧૭૪૦ | ૧૭૭૮ | ૩૮ | ૮૩ |
| ૧૦ | ૫૩ | શ્રી વિનયચંદ્રસૂરિ | ૧૭૨૮ | ૧૭૪૮ | ૧૭૭૮ | ૧૮૧૬ | ૩૮ | ૮૮ |
| ૧૧ | ૫૪ | શ્રી શીલમિત્રસૂરિ | ૧૭૫૬ | ૧૭૮૧ | ૧૮૧૬ | ૧૮૪૬ | ૩૦ | ૯૦ |
| ૧૨ | ૫૫ | શ્રી દેવચંદ્રસૂરિ | ૧૮૧૪ | ૧૮૨૬ | ૧૮૪૬ | ૧૮૮૫ | ૩૯ | ૭૧ |
| ૧૩ | ૫૬ | શ્રી ચંદ્રસૂરિ | ૧૮૨૯ | ૧૮૫૫ | ૧૮૮૫ | ૧૯૧૦ | ૨૫ | ૮૧ |
| ૧૪ | ૫૭ | શ્રી ખંડિલ્લસૂરિ | ૧૮૬૬ | ૧૮૮૦ | ૧૯૧૦ | ૧૯૩૯ | ૨૯ | ૭૩ |
| ૧૫ | ૫૮ | શ્રી ધમ્મિલસૂરિ | ૧૮૯૮ | ૧૯૦૯ | ૧૯૩૯ | ૧૯૭૧ | ૩૨ | ૭૩ |
| ૧૬ | ૫૯ | શ્રી સિદ્ધગેહસૂરિ | ૧૯૧૮ | ૧૯૩૧ | ૧૯૭૧ | ૨૦૦૯ | ૩૮ | ૯૧ |
| ૧૭ | ૬૦ | શ્રી ભદ્દિલસૂરિ | ૧૯૬૭ | ૧૯૭૯ | ૨૦૦૯ | ૨૦૨૮ | ૧૯ | ૬૧ |
| ૧૮ | ૬૧ | શ્રી જિનદાસસૂરિ | ૧૯૮૬ | ૧૯૯૫ | ૨૦૨૮ | ૨૦૩૮ | ૧૦ | ૫૨ |
| ૧૯ | ૬૨ | શ્રી ધર્મદાસસૂરિ | ૧૯૯૪ | ૨૦૦૮ | ૨૦૩૮ | ૨૦૫૦ | ૧૨ | ૫૬ |
| ૨૦ | ૬૩ | શ્રી સૂરપ્રભસૂરિ | ૨૦૦૦ | ૨૦૧૫ | ૨૦૫૦ | ૨૦૬૮ | ૨૮ | ૬૮ |
| ૨૧ | ૬૪ | શ્રી રક્ષિતસૂરિ | ૨૦૨૭ | ૨૦૪૦ | ૨૦૬૮ | ૨૦૮૭ | ૧૯ | ૬૦ |
| ૨૨ | ૬૫ | શ્રી ધર્મઘોષસૂરિ | ૨૦૫૬ | ૨૦૬૬ | ૨૦૮૭ | ૨૧૦૪ | ૧૭ | ૪૮ |
| ૨૩ | ૬૬ | શ્રી માનાચાર્ય | ૨૦૫૮ | ૨૦૬૯ | ૨૧૦૪ | ૨૧૨૨ | ૧૮ | ૬૪ |
| ૨૪ | ૬૭ | શ્રી સમુદ્રસૂરિ | ૨૦૮૮ | ૨૦૯૭ | ૨૧૨૨ | ૨૧૩૯ | ૧૭ | ૫૧ |
| ૨૫ | ૬૮ | શ્રી ગેહસૂરિ | ૨૧૦૯ | ૨૧૧૯ | ૨૧૩૯ | ૨૧૫૭ | ૧૮ | ૪૮ |
| ૨૬ | ૬૯ | શ્રી દિન્નસૂરિ | ૨૧૨૭ | ૨૧૩૫ | ૨૧૫૮ | ૨૧૬૮ | ૧૦ | ૪૦ |
| ૨૭ | ૭૦ | શ્રી ચારિત્રસૂરિ | ૨૧૧૪ | ૨૧૩૨ | ૨૧૬૭ | ૨૧૮૪ | ૧૭ | ૭૦ |
| ૨૮ | ૭૧ | શ્રી શ્રુતજ્ઞાનસૂરિ (શ્રા શ્રુતશાંતિ) | ૨૧૪૦ | ૨૧૪૫ | ૨૧૮૪ | ૨૦૨૩ | ૧૯ | ૬૩ |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨૯ | ૭૨ | શ્રી ઉપશાંતસૂરિ | ૨૧૬૭ | ૨૧૭૯ | ૨૨૦૩ | ૨૨૨૦ | ૧૭ | ૫૩ |
| ૩૦ | ૭૩ | શ્રી જયઘોષસૂરિ | ૨૧૭૯ | ૨૧૯૨ | ૨૨૨૦ | ૨૨૩૮ | ૧૮ | ૫૯ |
| ૩૧ | ૭૪ | શ્રી સુમણિસેનસૂરિ | ૨૨૦૨ | ૨૨૧૪ | ૨૨૩૮ | ૨૨૫૬ | ૧૮ | ૫૪ |
| ૩૨ | ૭૫ | શ્રી સુજસકીર્તિસૂરિ | ૨૨૨૬ | ૨૨૩૬ | ૨૨૫૬ | ૨૨૬૬ | ૧૦ | ૪૦ |
| ૩૩ | ૭૬ | શ્રી કુમરસૂરિ | ૨૨૨૯ | ૨૨૪૧ | ૨૨૬૬ | ૨૨૭૯ | ૧૩ | ૫૦ |
| ૩૪ | ૭૭ | શ્રી ગૌતમાણુસૂરિ | ૨૨૪૯ | ૨૨૫૯ | ૨૨૭૯ | ૨૨૮૯ | ૧૦ | ૪૦ |
| ૩૫ | ૭૮ | શ્રી ભારદ્વાજસૂરિ | ૨૨૫૧ | ૨૨૬૦ | ૨૨૮૯ | ૨૩૦૧ | ૧૨ | ૫૦ |
| ૩૬ | ૭૯ | શ્રી સુરભદ્રસૂરિ | ૨૨૬૪ | ૨૨૮૫ | ૨૩૦૧ | ૨૩૧૧ | ૧૦ | ૪૭ |
| ૩૭ | ૮૦ | શ્રી સૂત્રસૂરિ | ૨૨૭૩ | ૨૨૯૧ | ૨૩૧૧ | ૨૩૩૩ | ૨૨ | ૬૦ |
| ૩૮ | ૮૧ | શ્રી જિનપ્રભસૂરિ | ૨૩૦૩ | ૨૩૧૧ | ૨૩૩૩ | ૨૩૪૮ | ૧૫ | ૪૫ |
| ૩૯ | ૮૨ | શ્રી જિનમતસૂરિ | ૨૩૧૧ | ૨૩૨૭ | ૨૩૪૮ | ૨૩૫૭ | ૯ | ૪૬ |
| ૪૦ | ૮૩ | શ્રી સુમતિસૂરિ | ૨૩૨૦ | ૨૩૨૯ | ૨૩૫૭ | ૨૩૭૦ | ૧૩ | ૫૦ |
| ૪૧ | ૮૪ | શ્રી જયઘોષસૂરિ | ૨૩૨૧ | ૨૩૪૦ | ૨૩૭૦ | ૨૩૭૯ | ૯ | ૫૮ |
| ૪૨ | ૮૫ | શ્રી શુભકીર્તિસૂરિ | ૨૩૨૯ | ૨૩૪૮ | ૨૩૭૯ | ૨૩૮૬ | ૭ | ૫૭ |
| ૪૩ | ૮૬ | શ્રી સત્યગેહસૂરિ | ૨૩૫૦ | ૨૩૧૫ | ૨૩૮૬ | ૨૩૯૫ | ૯ | ૪૫ |
| ૪૪ | ૮૭ | શ્રી જીતેન્દ્રસૂરિ | ૨૩૬૦ | ૨૩૭૫ | ૨૩૯૫ | ૨૪૦૫ | ૧૦ | ૪૫ |
| ૪૫ | ૮૮ | શ્રી સુમતિસૂરિ | ૨૩૬૩ | ૨૩૭૫ | ૨૪૦૫ | ૨૪૧૫ | ૧૦ | ૫૨ |
| ૪૬ | ૮૯ | શ્રી વિમલસૂરિ | ૨૩૭૭ | ૨૩૮૭ | ૨૪૧૫ | ૨૪૨૪ | ૯ | ૪૭ |
| ૪૭ | ૯૦ | શ્રી મુનિચંદ્રસૂરિ | ૨૩૯૦ | ૨૩૯૯ | ૨૪૨૪ | ૨૪૩૫ | ૧૧ | ૪૫ |
| ૪૮ | ૯૧ | શ્રી દેવેન્દ્રસૂરિ | ૨૪૦૭ | ૨૪૧૫ | ૨૪૩૫ | ૨૪૪૭ | ૧૨ | ૪૦ |
| ૪૯ | ૯૨ | શ્રી સુસિદ્ધસૂરિ | ૨૪૧૭ | ૨૪૨૬ | ૨૪૪૭ | ૨૪૫૫ | ૮ | ૩૮ |
| ૫૦ | ૯૩ | શ્રી સાધ્યસૂરિ | ૨૪૧૨ | ૨૪૨૨ | ૨૪૫૫ | ૨૪૬૮ | ૧૩ | ૫૬ |
| ૫૧ | ૯૪ | શ્રી સિદ્ધગેહસૂરિ | ૨૪૩૩ | ૨૪૪૮ | ૨૪૬૮ | ૨૪૭૮ | ૧૦ | ૪૫ |
| ૫૨ | ૯૫ | શ્રી સુનેમિપ્રભસૂરિ | ૨૪૩૬ | ૨૪૪૮ | ૨૫૭૮ | ૨૪૮૮ | ૧૦ | ૫૨ |
| ૫૩ | ૯૬ | શ્રી ઇંદ્રદતસૂરિ | ૨૪૫૧ | ૨૪૬૦ | ૨૪૮૮ | ૧૪૯૭ | ૯ | ૪૬ |
| ૫૪ | ૯૭ | શ્રી અગ્નિમિત્રસૂરિ | ૨૪૬૩ | ૨૪૭૨ | ૨૪૯૭ | ૨૫૦૮ | ૧૧ | ૪૫ |
| ૫૫ | ૯૮ | શ્રી વાયુભૂતિસૂરિ | ૨૩૮૦ | ૨૪૮૮ | ૨૫૦૮ | ૨૫૨૦ | ૧૨ | ૪૦ |
| ૫૬ | ૯૯ | શ્રી વરદત્તસૂરિ | ૨૪૯૦ | ૨૪૯૯ | ૨૫૨૦ | ૨૫૨૮ | ૮ | ૩૮ |
| ૫૭ | ૧૦૦ | શ્રી સૂર્યકાંતસૂરિ | ૨૪૯૮ | ૨૫૦૮ | ૨૫૨૮ | ૨૫૪૨ | ૧૪ | ૪૪ |
| ૫૮ | ૧૦૧ | શ્રી ગૃહપતિસૂરિ | ૨૫૦૧ | ૨૫૨૧ | ૨૫૪૨ | ૨૫૫૨ | ૧૦ | ૪૫ |
| ૫૯ | ૧૦૨ | શ્રી મનોરથસૂરિ | ૨૫૧૬ | ૨૫૩૨ | ૨૫૫૨ | ૨૫૬૧ | ૯ | ૪૫ |
| ૬૦ | ૧૦૩ | શ્રી પૂર્ણભદ્રસૂરિ | ૨૫૨૬ | ૨૫૪૧ | ૨૫૫૧ | ૨૫૭૧ | ૧૦ | ૪૫ |
| ૬૧ | ૧૦૪ | શ્રી દિન્નગણિસૂરિ | ૨૫૩૫ | ૨૫૫૫ | ૨૫૭૧ | ૨૫૮૧ | ૧૦ | ૪૬ |
| ૬૨ | ૧૦૫ | શ્રી ભૂતગણિસૂરિ | ૨૫૪૮ | ૨૫૫૮ | ૨૫૮૧ | ૨૫૬૯ | ૧૧ | ૪૪ |
| ૬૩ | ૧૦૬ | શ્રી મોહિથસૂરિ | ૨૫૫૯ | ૨૫૬૯ | ૨૫૬૯ | ૨૬૦૩ | ૧૧ | ૪૪ |
| ૬૪ | ૧૦૭ | શ્રી ઋષભપ્રભસૂરિ | ૨૫૫૮ | ૨૫૭૩ | ૨૬૦૩ | ૨૬૧૨ | ૯ | ૫૪ |



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬૫ | ૧૦૮ | શ્રી અચ્યુતસૂરિ | ૨૫૭૩ | ૨૫૮૭ | ૨૬૧૨ | ૨૬૨૩ | ૧૧ | ૫૦ |
| ૬૬ | ૧૦૯ | શ્રી આર્યદિન્નસૂરિ | ૨૫૮૦ | ૨૬૦૫ | ૨૬૨૩ | ૨૬૩૬ | ૧૩ | ૪૭ |
| ૬૭ | ૧૧૦ | શ્રી આલિંગગણિસૂરિ | ૨૬૦૧ | ૨૬૧૬ | ૨૬૩૬ | ૨૬૪૬ | ૧૦ | ૪૫ |
| ૬૮ | ૧૧૧ | શ્રી સ્થવિરસૂરિ | ૨૬૦૧ | ૨૬૧૬ | ૨૬૪૬ | ૨૬૫૬ | ૧૦ | ૫૫ |
| ૬૯ | ૧૧૨ | શ્રી સુજયસૂરિ | ૨૬૧૬ | ૨૬૨૬ | ૨૬૫૬ | ૨૬૬૬ | ૧૦ | ૫૦ |
| ૭૦ | ૧૧૩ | શ્રી મેતાર્યસૂરિ | ૨૬૧૭ | ૨૬૩૬ | ૨૬૬૬ | ૨૬૭૫ | ૯ | ૫૮ |
| ૭૧ | ૧૧૪ | શ્રી પ્રભાસસૂરિ | ૨૬૪૭ | ૨૬૫૫ | ૨૬૭૫ | ૨૬૮૬ | ૧૧ | ૩૯ |
| ૭૨ | ૧૧૫ | શ્રી વૈશ્યાયતસૂરિ | ૨૬૫૪ | ૨૬૭૪ | ૨૬૬૮ | ૨૬૯૪ | ૮ | ૪૦ |
| ૭૩ | ૧૧૬ | શ્રી તુંગીયસૂરિ | ૨૬૪૮ | ૨૬૬૪ | ૨૬૯૪ | ૨૭૦૬ | ૧૨ | ૫૬ |
| ૭૪ | ૧૧૭ | શ્રી ઐલીયાચાર્યસૂરિ | ૨૬૬૬ | ૨૬૭૮ | ૨૭૦૬ | ૨૭૧૧ | ૫ | ૪૫ |
| ૭૫ | ૧૧૮ | શ્રી દમઘોષસૂરિ | ૨૬૩૧ | ૨૬૪૭ | ૨૭૧૧ | ૨૭૨૬ | ૧૫ | ૯૫ |
| ૭૬ | ૧૧૯ | શ્રી રોહસૂરિ | ૨૬૮૪ | ૨૬૯૬ | ૨૭૨૬ | ૨૭૩૬ | ૧૦ | ૪૨ |
| ૭૭ | ૧૨૦ | શ્રી જયસમુદ્રસૂરિ | ૨૭૦૬ | ૨૭૧૬ | ૨૭૩૬ | ૨૭૪૬ | ૧૧ | ૪૧ |
| ૭૮ | ૧૨૧ | શ્રી સમુદ્રસૂરિ | ૨૬૯૭ | ૨૭૪૭ | ૨૭૪૭ | ૨૭૫૬ | ૯ | ૫૯ |
| ૭૯ | ૧૨૨ | શ્રી જિનશેખરસૂરિ | ૨૭૧૨ | ૨૭૨૬ | ૨૭૫૬ | ૨૭૬૪ | ૮ | ૫૨ |
| ૮૦ | ૧૨૩ | શ્રી શત્રકસૂરિ | ૨૭૨૦ | ૨૭૩૩ | ૨૭૬૪ | ૨૭૭૬ | ૧૨ | ૫૬ |
| ૮૧ | ૧૨૪ | શ્રી જ્ઞાતસૂરિ | ૨૭૧૬ | ૨૭૩૬ | ૨૭૭૬ | ૨૭૮૭ | ૧૧ | ૭૧ |
| ૮૨ | ૧૨૫ | શ્રી હરિગુપ્તસૂરિ | ૨૭૩૩ | ૨૭૫૭ | ૨૭૮૭ | ૨૭૯૪ | ૭ | ૬૧ |
| ૮૩ | ૧૨૬ | શ્રી સિંહગિરિસૂરિ | ૨૭૪૨ | ૨૭૫૪ | ૨૭૯૪ | ૨૮૦૪ | ૧૦ | ૬૨ |
| ૮૪ | ૧૨૭ | શ્રી ધણગિરિસૂરિ | ૨૭૫૯ | ૨૭૭૪ | ૨૮૦૪ | ૨૮૨૨ | ૧૮ | ૬૩ |
| ૮૫ | ૧૨૮ | શ્રી ધર્મઋષિસૂરિ | ૨૭૭૪ | ૨૭૯૦ | ૨૮૨૨ | ૨૮૩૬ | ૧૪ | ૬૨ |
| ૮૬ | ૧૨૯ | શ્રી કૃષ્ણઋષિસૂરિ | ૨૭૭૮ | ૨૭૯૬ | ૨૮૩૬ | ૨૮૪૦ | ૪ | ૬૨ |
| ૮૭ | ૧૩૦ | શ્રી મુનિપતિસૂરિ | ૨૮૦૨ | ૨૮૨૧ | ૨૮૪૦ | ૨૮૪૯ | ૯ | ૪૭ |
| ૮૮ | ૧૩૧ | શ્રી શિવગુપ્તિસૂરિ | ૨૭૯૭ | ૨૮૦૯ | ૨૮૪૯ | ૨૮૫૯ | ૧૦ | ૬૨ |
| ૮૯ | ૧૩૨ | શ્રી કૌશિકસૂરિ | ૨૮૧૪ | ૨૮૨૯ | ૨૮૫૯ | ૨૮૬૭ | ૮ | ૫૩ |
| ૯૦ | ૧૩૩ | શ્રી આર્યજશસૂરિ | ૨૮૧૯ | ૨૮૩૫ | ૨૮૬૭ | ૨૮૮૧ | ૧૪ | ૬૨ |
| ૯૧ | ૧૩૪ | શ્રી આર્યધર્મસૂરિ | ૨૮૨૨ | ૨૮૪૧ | ૨૮૮૧ | ૨૮૮૫ | ૪ | ૬૩ |
| ૯૨ | ૧૩૫ | શ્રી આર્યમંગલસૂરિ | ૨૮૩૭ | ૨૮૫૬ | ૨૮૮૫ | ૨૮૯૪ | ૯ | ૫૭ |
| ૯૩ | ૧૩૬ | શ્રી નંદનાચાર્યસૂરિ | ૨૮૫૪ | ૨૮૬૪ | ૨૮૯૪ | ૨૯૦૬ | ૧૩ | ૫૨ |
| ૯૪ | ૧૩૭ | શ્રી નાગદત્તસૂરિ | ૨૮૭૯ | ૨૮૮૯ | ૨૯૦૬ | ૨૯૧૩ | ૭ | ૩૪ |
| ૯૫ | ૧૩૮ | શ્રી સુનક્ષત્રસૂરિ | ૨૮૬૪ | ૨૮૮૩ | ૨૯૧૩ | ૨૯૨૦ | ૭ | ૫૬ |
| ૯૬ | ૧૩૯ | શ્રી સુરક્ષિતસૂરિ | ૨૮૯૨ | ૨૯૦૨ | ૨૯૨૦ | ૨૯૩૩ | ૧૩ | ૪૧ |
| ૯૭ | ૧૪૦ | શ્રી સમુદ્રસૂરિ | ૨૮૯૨ | ૨૯૦૪ | ૨૯૩૩ | ૨૯૩૯ | ૬ | ૪૭ |
| ૯૮ | ૧૪૧ | શ્રી વૈશાખસૂરિ | ૨૯૦૪ | ૨૯૨૯ | ૨૯૩૯ | ૨૯૫૮ | ૧૯ | ૫૪ |

આ મહાન પૂ. યુગપ્રધાનો / આચાર્યોને કોટિ કોટિ વંદન !



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org